RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 94 * Date: 23.01.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# કર્ણાટકમાં ટ્રક ૫૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી:૧૦ના મોત



કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લાના યેલ્લાપુરામાં બુધવારે સવારે એક ટ્રક ૫૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી. જેમાં ૧૦ લોકોના મોત થયા હતા. તેમજ, ૧૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.પોલીસે જણાવ્યું કે સાવનુરથી ફળો અને શાકભાજી લઈને જતી ટ્રકમાં ૨૫થી વધુ લોકો મુસાફરી કરી રહ્યા હતા. આ ફળો અને શાકભાજી યાલાપુરામાં યોજાયેલા મેળામાં પહોંચાડવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન, સવારે લગભગ ૫ વાગ્યે, સાવનુર-હુબલી હાઈવે પર અન્ય વાહનને સાઈડ આપવાનો પ્રયાસ કરતી વખતે ટ્રક ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો હતો અને ખીણમાં ખાબકી હતી.

નારાયણે જણાવ્યું કે પોલીસને અકસ્માતની જાણકારી મળતા જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જેમાં ૧૦ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ૧૫ ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં કેટલાક ગંભીર રીતે ઘાયલ થયા હતા. ખીણ તરફના રસ્તા પર કોઈ સુરક્ષા દિવાલ નહોતી.

પોલીસ અને અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. ઘાયલોને સારવાર માટે હુબલીની કર્ણાટક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તમામ ઘાયલોને ખીણમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરવાની કાર્યવાહી કરાઈ રહી છે. પોલીસે જણાવ્યું કે આ મામલે તપાસ કરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.પોલીસે જણાવ્યું કે મૃતદેહોને બહાર કાઢવા માટે ક્રેન બોલાવવામાં આવી હતી. ખીણમાં ખાડા-ટેકરા હોવાને કારણે પહોંચવું મુશ્કેલ બની રહ્યું હતું. મૃતકોની ઓળખ ફૈયાઝ જામખંડી (૪૫), વસીમ મુદગેરી (૩૫), એજાઝ મુલ્લા (૨૦), સાદિક બાશા (૩૦), ગુલામ હુસૈન જવાલી (૪૦), ઈમ્તિયાઝ મુલાકેરી (૩૬), અલ્ફાઝ જાફર મંદાક્કી (૨૫), જીલાની અબ્દુલ જાખાતી (૨૫), અસલમ બાબુલી બેની (૨૪) તરીકે થઈ છે.

કર્ણાટકના સિંધનુરમાં માર્ગ અકસ્માત, ૪ના મોત શનિવારે સવારે કર્ણાટકના રાયચુરમાં પણ એક માર્ગ અકસ્માત થયો હતો. અહીં એક વાહન પલટી જતાં ૪ લોકોના મોત થયા હતા અને ૧૦ ઘાયલ થયા હતા. પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ તેના પરિવારને સોંપવામાં આવ્યો હતો. સિંધનુર ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. આ દુર્ઘટના અંગે હજુ સુધી કોઈ વધુ માહિતી સામે આવી નથી.કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ બંને મામલા પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું- ઉત્તરા કન્નડ જિલ્લાના યેલ્લાપુર અને રાયચુર જિલ્લાના સિંધનુરમાં બે અલગ-અલગ અકસ્માતમાં કુલ ૧૪ લોકોના મોતના સમાચાર સાંભળીને કાળજું કંપી ગયું છે.સિદ્ધારમૈયાએ કહ્યું- હું મૃતકોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરું છું.

## કોટામાં અમદાવાદની છોકરીએ આપઘાત કર્યો, ૨ ૨ દિવસમાં ૫મી ઘટના, NEETની તૈયારી કરતી હતી



કોટામાં એક ચોંકાવનારો આપઘાતનો મામલો સામે આવ્યો છે. બુધવારે અમદાવાદની એક છોકરીએ આપઘાત કરી લીધો છે. તે કોટામાં રહીને દ્ગઈઈ્ની તૈયારી કરતી હતી. તે કોટાના જવાહરનગરમાં રહીને અભ્યાસ કરતી હતી. આપઘાતની જાણકારી મળતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

કોટા શહેરના જવાહર નગર પોલીસ સ્ટેશનની હદમાં પીજીમાં રહેતી અફશા શેખએ તેના રૂમમાં જ ગળે ફાંસો લગાવી જીવન ટૂંકાવ્યું હતું. તે અમદાવાદની રહેવાશી હતી અને ૬ મહિના અગાઉ નીટની તૈયારી કરવા કોટા પહોંચી હતી. જોકે તેણે આ પગલું કેમ ભર્યું તે અંગે હજુ સુધી કોઈ ખુલાસો થયો નથી. પોલીસે તેનો મૃતદેહ કબજે લઈને પરિજનોને જાણકારી આપી છે.મકાન માલિકના ભાઈ મહેન્દ્ર નાગરે જણાવ્યું હતું કે ઘટનાની જાણકારી સવારે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ મળી હતી, જ્યારે મેસવાળો રૂમમાં ગયો તો વિદ્યાર્થી ઉઠી ન હતી. ત્યારબાદ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી. ઘટનાની માહિતી મળતાં જવાહર નગર પોલીસ પહોંચી ગઇ હતી અને તપાસ શરૂ કરી છે. યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે અને પરિવારજનોને જાણ કરવામાં આવી છે. પોલીસ અધિકારી રામ લક્ષ્મણ ગુર્જરે જણાવ્યું હતું કે પરિવારજનોના પહોંચ્યા બાદ પોસ્ટમોર્ટમ તથા આગળની કાર્યવાહી કરવામાં આવશે. હાલ ઘટના પાછળ શું કારણ છે તે સામે આવ્યું નથી? આ અંગે તપાસ કરવામાં આવશે. મહેન્દ્ર નાગરના જણાવ્યા અનુસાર ૧૨મા ધોરણ બાદ તે કોચિંગ ક્લાસમાં તૈયારી કરી રહી હતી. તે ગત પાંચ મહિનાથી તેના ભાઈના મકાનમાં પીજી તરીકે રહેતી હતી. મંગળવારે રાત્રે યુવતી બાળકો સાથે નીચે મોડા સુધી રમતી હતી. તે ખૂબ જ ખુશ જોવા મળી રહી હતી અને બાળકોને ચોકલેટ પણ ખવડાવી હતી.

કોટામાં ભવિષ્યને સુંદર બનાવવાના સપના સાથે આવતા વિદ્યાર્થીઓ પર માનસિક તણાવ સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યું છે.

## કેજરીવાલે કહ્યું- મધ્યમ વર્ગ ટેક્સ ટેરરિઝમનો શિકાર

## કેન્દ્ર સરકાર આવકવેરાની છુટ ૧૦ લાખ રૂપિયા કરે; આરોગ્ય-શિક્ષણનું બજેટ વધારવું જોઈએ



દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બુધવારે મધ્યમ વર્ગ માટે મેનિફેસ્ટો બહાર પાડ્યો. તેમણે કહ્યું કે, કેન્દ્રમાં એક પછી એક સરકાર આવી, બધાએ ડરાવી-ધમકાવીને મધ્યમ વર્ગને કાબૂમાં રાખ્યો છે. તેઓ મધ્યમ વર્ગ માટે કંઈ કરતા નથી.કેજરીવાલે કહ્યું- જ્યારે સરકારને તેમની જરૂર પડે છે ત્યારે સરકાર ટેક્સના હથિયારનો ઉપયોગ કરે છે. બદલામાં મધ્યમ વર્ગને શું મળે છે, કશું જ નહીં. મધ્યમ વર્ગ સરકારનું એટીએમ બની ગયો છે. મધ્યમ વર્ગ ટેક્સ ટેરરિઝમનો શિકાર બન્યો છે.કેજરીવાલે કહ્યું- આજે હું જાહેરાત કરું છું કે હું અને આમ આદમી પાર્ટી મધ્યમ વર્ગનો અવાજ શેરીઓથી લઈને સંસદ સુધી ઉઠાવીશું. બજેટ સત્રમાં અમારા સાંસદો મધ્યમ વર્ગની માંગણી કરશે.

વૃદ્ધો માટે સારી નિવૃત્તિ અને પેન્શન યોજના હોવી જોઈએ. વૃદ્ધોને ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં મફત સારવાર મળવી જોઈએ.મધ્યમ વર્ગ આપણો દેશ ચલાવે છે કેજરીવાલે કહ્યું- આ તે લોકો છે જેઓ આપણો દેશ ચલાવે છે. તેઓને કયા સપના હોય છે? સારી નોકરી કે ધંધો, પોતાનું ઘર, સારું ભણતર, કુટુંબ સ્વસ્થ હોવું જોઈએ. એક સામાન્ય મધ્યમ વર્ગનો માણસ આ બધા માટે દિવસ-રાત મહેનત કરે છે. મોટાભાગની સરકારો ન તો સારી શાળાઓ બનાવી રહી છે, ન હોસ્પિટલો અને રોજગારની સુરક્ષા પૂરી પાડવા માટે પણ સક્ષમ નથી. એવો કોઈ દેશ નથી કે જેને આટલું હેરાન કરવામાં આવે.જીવનથી મૃત્યુ સુધી કર કેજરીવાલે કહ્યું- હવે દૂધ, પોપકોર્ન અને પૂજાની વસ્તુઓ પર ટેક્સ લાગે છે. જો તમારે ઘર ખરીદવું હોય તો ટેક્સ, જો તમે તેને વેચવા માંગતા હોવ તો ટેક્સ. જો તમે કાર ખરીદો તો ટેક્સ, જો તમે તેને વેચો તો ટેક્સ છે. કર જીવતા ભરવો પડે છે અને કર મર્યા પછી પણ ભરવો પડે છે. આજે કુટુંબ નિયોજન એ યુવા મધ્યમ વર્ગના યુગલ માટે નાણાકીય નિર્ણય બની ગયો છે. ઉછેર પરવડે તે વિશે વિચારવું પડશે.૨૦૨૩માં ૨ લાખથી વધુ લોકોએ દેશ છોડી દીધો કેજરીવાલે કહ્યું- ૨૦૨૩માં ૨ લાખ ૧૬ હજાર ૨૧૯ લોકોએ દેશ છોડી દીધો છે. આ યુવક આપણા દેશનું ભવિષ્ય બની શકે છે, તેમણે દેશ છોડવો પડે છે. જનતા પાસેથી સરકારને પૈસા આવે છે. લોક કલ્યાણમાં ખર્ચો કે ઉદ્યોગપતિ મિત્રોને લોન આપો અને પછી લોન માફ કરો અને પ્રજાના પૈસા વેડફી નાખો.અમે જનતાના પૈસા પ્રજા પર ખર્ચીએ છીએ કેજરીવાલે કહ્યું- દિલ્હી સરકાર જનતાના પૈસા જનતા પર ખર્ચે છે. અમે શિક્ષણનું બજેટ ૫ રૂપિયાથી વધારીને ૧૦ હજાર કરોડ રૂપિયા કર્યું છે. આજે શિક્ષણનું બજેટ વધારીને ૧૬ હજાર કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. ૪ લાખ બાળકો ખાનગી શાળા છોડીને સરકારી શાળામાં આવ્યા. અમે ખાનગી શાળાઓમાં ફી વધારવાની મર્યાદા મૂકી છે.તેમણે કહ્યું- ગયા વર્ષે ખોટી ફી વસૂલવામાં આવી હતી, અમને તે ફી પરત મળી હતી. પાણી અને વીજળીના બિલમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તમામ મોટા શહેરોમાં સસ્તી વીજળી આપી. પુરવઠો ૨૪ કલાક કરવામાં આવ્યો હતો. સારી હોસ્પિટલો અને સારા મોહલ્લા ક્લિનિક્સ બનાવો૬૦ વર્ષથી ઉપરના વૃદ્ધોને મફત સારવાર મળશે કેજરીવાલે કહ્યું- મધ્યમ વર્ગમાં એક વર્ગ છે. વરિષ્ઠ નાગરિકો. તેમણે જીવનભર ઈમાનદારીથી ટેક્સ ચૂકવ્યો. તેઓ તેમના જીવનકાળમાં દોઢ કરોડનો ટેક્સ ચૂકવે છે. ભગવાન ન કરે તેમને કોઈ ગંભીર બીમારી થાય. પણ અમારી સંજીવની યોજના હેઠળ ૬૦ વર્ષથી વધુ વયના વૃદ્ધોને મફત સારવાર મળશે.

## ફડણવીસ સરકારના નિર્ણય સામે શિવસૈનિકો લાલઘૂમ, શિંદેના ઘર સામે આક્રમક દેખાવો

મહારાષ્ટ્રમાં નાસિક અને રાયગડના પ્રભારી મંત્રીઓ મુદ્દે વિવાદ સતત વધી રહ્યો છે. શિવસેનાના નેતા અને રોજગાર ગેરેંટી મંત્રી ભરત ગોગાવલેના સમર્થકોએ પક્ષના અધ્યક્ષ એકનાથ શિંદેના ઘરે ધરણા શરૂ કર્યા છે. મંગળવાર સાંજે સાઉથ મુંબઈમાં સ્થિત એકનાથ શિંદેના નિવાસ મુક્તાગિરીની બહાર ગોગાવલેના સમર્થકોએ સુત્રોચ્ચાર સાથે વિરોધ દર્શાવ્યો હતો. શિવસેનાના કોઈપણ નેતાને પ્રભારી મંત્રી ન બનાવતાં પક્ષ સતત વિરોધ કરી રહ્યું છે. જેના લીધે દેવેન્દ્ર ફડણવીસ સરકારે નાસિકમાં ગિરીશ મહાજન અને રાયગડમાં એનસીપી અદિતિ તટકરેને પ્રભારી મંત્રી બનાવવાના આદેશ પર પ્રતિબંધ લાદ્યો હતો.

શિવસેનાએ રાયગડ જિલ્લાના પ્રભારી મંત્રી (ગાર્ડિયન મિનિસ્ટર) ગોગાવલેને બનાવવાની માગ કરી છે. આ મુદ્દે ગોગાવલેના સમર્થક બે ધારાસભ્ય મહેન્દ્ર થોર્વે અને મહેન્દ્ર ડલવી રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત કરશે. ગોગાવલે આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં જનાધાર રાખતાં હોવાથી શિવસેનાએ આ માગ કરી છે. ઉલ્લેખનીય છે કે, શિવસેના એનસીપી નેતા અદિતિ તટકરેને રાયગડના પ્રભારી મંત્રી બનાવવામાં આવતાં આક્રોશમાં છે. પ્રભારી મંત્રીની પસંદગીમાં મહાયુતિ સરકારે શિવસેનાને અવગણી હોવાનો આરોપ મૂકાઈ રહ્યો છે.

## કોમ્પોઝિશન સ્કીમનો લાભ લેતાં વેપારીઓને મોટી રાહત, હવે ભાડાની મિલકત પર ૧૮% GST રદ

કોમ્પોઝિશન સ્કીમ હેઠળ રજિસ્ટર્ડ નાના વેપારીઓ અને ધંધાર્થીઓને મોટી રાહત આપતાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સે ૧૮ ટકા જીએસટી માફ કરવાની જાહેરાત કરી છે. સીબીઆઈસીની નવી નોટિફિકેશન અનુસાર, કોમ્પોઝિશન એટલે લમસમ સ્કીમ હેઠળ રજિસ્ટર્ડ કરદાતાઓ દ્વારા રજિસ્ટ્રેશન ન ધરાવતા મિલકત માલિકો પાસેથી ભાડે લેવાતી મિલકત પર રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ લાગુ ૧૮ ટકા જીએસટી ચૂકવવો પડશે નહીં.

રિવર્સ ચાર્જ મિકેનિઝમ એ નોન રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા રજિસ્ટર્ડ વેપારીને ભાડે અપાતી સંપત્તિ પર વસૂલવામાં આવતો ટેક્સ છે. જેમાં કોમ્પોઝિશિન સ્કીમ હેઠળ રજિસ્ટર્ડ કરદાતાઓએ રિવર્સ ચાર્જ હેઠળ ૧૮ ટકા જીએસટી ચૂકવવો પડે છે. તેમજ તેમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ પણ મળતો નથી. પરિણામે તેમના પર ટેક્સનું ભારણ વધી જાય છે. નવી નોટિફિકેશનથી આ ટેક્સનું ભારણ ઘટશે.કોમ્પોઝિશન સ્કીમનો લાભ લેતાં જીએસટી કરદાતાઓ પોતાના ટર્નઓવરના ફિક્સ રેટ પર કોઈપણ પ્રકારની જીએસટી પ્રક્રિયાઓને અનુસર્યા વિના ટેક્સની ચૂકવણી કરે છે.




કોમ્પોઝિશન સ્કીમનો વિકલ્પ પસંદ કરનારા વેપારી સર્વિસ પ્રોવાઈડર હોય તો તેનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૫૦ લાખ અને ટ્રેડર કે મેન્યુફેક્ચરર હોય તો તેનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૧.૫૦ કરોડથી ઓછી રકમનું હોવું જરૂરી છે. જો કે, તેઓને જીએસટીની ચૂકવણી પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ મળતી નથી. પરિણામે કાર્યકારી મૂડીનો બોજો વધી જાય છે. આ ભારણને દૂર કરતાં સીબીઆઈસીએ ૧૮ ટકા જીએસટી માફ કરવાનો નિર્ણય લીધો છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કરીમ લાખાણીએ જણાવ્યું હતું કે, ઓક્ટોબર, ૨૦૨૪માં લાગુ નવા નિયંત્રણો હેઠળ કોમ્પોઝિશન સ્કીમ સાથે જોડાયેલા અને લીઝ પર મિલકત લેનારાઓ ખાસ કરીને રેસ્ટોરાંના બિઝનેસ સાથે સંકળાયેલાં નાના વેપારીઓની હાલાકી વધી હતી, કારણકે તેમના પર ૧૮ ટકા જીએસટીનો બોજો રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ લાગુ કરવામાં આવ્યો હતો. વધુમાં તેના પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ પણ મળતી નહોતી.

# વિવિધ રાજ્યો દ્વારા ટેબ્લોના કલાકારો દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક નૃત્ય કાર્યક્રમમાં ગુજરાતનું પ્રચલિત 'મણિયારા રાસ નૃત્ય' ત્રીજા ક્રમે વિજેતા






૭૬ મા ગણતંત્ર દિનની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી નવી દિલ્હી ખાતે થનાર છે. જેમાં વિવિધ રાજ્યો દ્વારા અલગ અલગ થીમ આધારિત ટેબ્લો રજૂ થશે. આ ટેબ્લોમાં રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્પર્ધા ૨૧મી જાન્યુઆરીએ દિલ્હી ખાતે યોજાઈ હતી જેમાં ગુજરાત ટેબ્લો સાથે આવેલા કલાકારો દ્વારા રજૂ કરવામાં આવેલા સાંસ્કૃતિક પરફોર્મન્સ ત્રીજા ક્રમે વિજેતા બન્યું છે જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે.ભારત સરકાર દ્વારા યોજાનાર ગણતંત્ર દિનની ઉજવણીમાં વિવિધ રાજ્યો દ્વારા પ્રતિવર્ષ ટેબ્લો રજૂ કરવામાં આવે છે. આ રાજ્યોના માધ્યમથી સાંસ્કૃતિક દ્રષ્ટિએ પ્રતિનિધિત્વ કરતા કલાકારો દ્વારા રાષ્ટ્રીય રંગશાળા શિબિર દિલ્હી કેન્ટોન્મેન્ટ ખાતેના "ઝંકાર હોલ"ખાતે સાંસ્કૃતિક સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાત ત્રીજા ક્રમે, ગોવા પ્રથમ ક્રમે અને ઉતરાખંડ બીજા ક્રમે વિજેતા બન્યું હતું. જ્યારે પ્રોત્સાહક ઈનામ પશ્ચિમ બંગાળને મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે, ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા યોજાયેલ આ સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્ર સરકારના વિભાગો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો અને પારંપારિક નૃત્યો યોજાયા હતા. જેમાં ચાર ઈનામોની જાહેરાત કરાઈ હતી. જેમાં ગુજરાતના પ્રચલિત 'મણિયારા રાસ નૃત્ય'ને ત્રીજો ક્રમ મળ્યો હતો. આ કાર્યક્રમના અંતે રાજ્ય સરકાર વતી સાંસ્કૃતિક ગ્રુપના કલાકારોએ ટ્રોફી સ્વીકારી હતી.

## તંત્રી લેખ....

# ૧૦૦ દિવસમાં ૮૩ કંપનીઓના શેરોનો લોક-ઈન પિરીયડ સમાપ્ત થશે

અમદાવાદ : ભારતના આઈપીઓ માર્કેટમાં તેજીની સાથે હવે લોક ઈન પીરિયડમાં પણ એક બાદ એક અપડેટ આવી રહ્યાં છે. ૧૭ જાન્યુઆરીથી ૩૦ એપ્રિલ દરમિયાન, ૮૪ કંપનીઓના રૂપિયા ૧૧૪૩.૫ કરોડના શેર ટ્રેડિંગ માટે મુક્ત થશે. તેમાંથી ૫૨૯ કરોડ શેર ફક્ત એક જ કંપની - બજાજ હાઉસિંગ ફાઈનાન્સના હશે.એપ્રિલ સુધીમાં તેની બાકી રહેલી ૬૪ટકા ઈક્વિટી મુક્ત થઈ જશે. અત્રે મહત્વનું છે કે લોક-ઈન ટાઈમ પીરિયડ સમાપ્ત થવો એટલેકે આટલા શેર વેચી શકાશે તેમ કહી શકાય, આટલા શેર વેચવામાં આવશે તેમ ન કહી શકાય, શેરધારકો ઈચ્છા મુજબ શેર વેચી શકે છે. બ્રોકરેજ ફર્મ નુવામા અલ્ટરનેટિવ એન્ડ ક્વોન્ટિટેટિવ રિસર્ચના રિપોર્ટ અનુસાર ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટિટયૂટ, મમતા મશીનરી, કોનકોર્ડ એન્વાયરો સિસ્ટમ્સ, ડેમ કેપિટલ એડવાઈઝર્સ, સેનોર્સ ફાર્મા અને વેન્ટિવ હોસ્પિટાલિટી સહિત અનેક કંપનીઓના એક મહિનાનો લોક-ઈન સમયગાળો સમાપ્ત થશે.

આ સિવાય છ મહિનાનો લોક ઈન સમાપ્ત થતો હોય તેવી ૩૦ કંપનીઓ છે જેમાં મોખરાનું નામ ભારતના સૌથી મોટા આઈપીઓ હ્યુન્ડાઈ મોટર્સનું છે. તદુપરાંત ઈપેક ડયુરેબલ્સ, બીએલએસ ઈ સર્વિસ, જુનિપર હોટલ્સ, જીપીટી હેલ્થકેર, એક્સિકોમ, પ્લેટિનમ ઈન્ડસ્ટ્રી, ભારત હાઈવે ઈનવીટ, બજાજ હાઉસિંગ ફાઈનાન્સ સહિતની ૯ કંપનીઓના શેરનો ૧ વર્ષનો લોકઈન સમાપ્ત થશે.

# ટેરિફ ઇફેક્ટ:અમેરિકામાં સ્નિકર્સ, ટી-શર્ટ્સ, દવા, ઘરેણાં જેવી પ્રોડક્ટ્સના ભાવ ડ્યૂટીથી દોઢ ગણા સુધી વધી શકે



અમેરિકાના માર્કેટમાં વેચાતી અનેક પ્રોડક્ટ્સ બીજા દેશોમાંથી આવે છે. પરંતુ યુએસના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આયાત કરાતી પ્રોડક્ટ્સ પર ટેક્સ વધારવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે સૌથી વધુ ૧૦૦% સુધી ટેક્સ બ્રિક્સ (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા) પર લગાવવાની ધમકી આપી છે. તેનાથી અમેરિકામાં મોંઘવારી વધી શકે છે. વાસ્તવમાં સ્નીકર્સ, ટી-શર્ટ્સ, ઘરેણાં, દવા, બીયર અને મહત્તમ અન્ય સ્થાનિક ચીજવસ્તુઓ બ્રિક્સ દેશો, મેક્સિસો અને કેનેડાથી આયાત કરાય છે. જો કે તમામ દેશોથી આયાત પર ટેક્સમાં એક સમાન વધારો નહી થાય. ટ્રમ્પે ૧૦%થી લઈને ૧૦૦% સુધી ટેક્સ વધારવાની વાત કરી છે.મજબૂરી: કંપનીઓ ગ્રાહકો પર વધુ ખર્ચનો બોજ નાખશે ટ્રમ્પ અને તેમની ટીમ અનુસાર આ નવા ટેરિફથી અમેરિકન મેન્યુફેક્ચરિંગ અને રોજગારને પ્રોત્સાહન મળશે. પરંતુ રિટેલ કંપનીઓની મુશ્કેલી વધી શકે છે. ટેરિફથી ખર્ચ વધશે, જેને તે ગ્રાહકો પર નાખશે.મોટી આશંકા: ૬૭% અમેરિકનોને મોંઘવારી વધવાની ચિંતાઃ ઉઝના એક સરવે રિપોર્ટ અનુસાર, ૬૭% અમેરિકન વયસ્કોનું માનવું છે કે કંપનીઓ વધેલા ટેરિફનો ખર્ચ ગ્રાહકો પર નાખશે. એવોકાડોથી લઈને બાળકોના રમકડાં, ચૉકલેટ, કપડાં, દવા, ઘરેણાં અને કારના પણ ભાવ દોઢ ગણા વધી શકે છે. ટ્રમ્પ આ મામલે અચાનક કોઇ મોટો નિર્ણય લે તેવી આશંકા ઓછી છે.ચીન સાથે સખ્તાઇ: ૩૩% અમેરિકનો ચીન પર ૬૦% ટેરિફના પક્ષમાં: ૪૫% અમેરિકનો ૧૦% ટેરિફનું સમર્થન કરે છે. જ્યારે એક તૃતીયાંશ અમેરિકન ૨૦% ઈમ્પોર્ટ ડ્યૂટી માટે તૈયાર છે. એટલા જ અમેરિકનો ચીનથી આયાત પર ૬૦% ટેરિફના પક્ષમાં છે. તેનો અર્થ છે કે અમેરિકનો વચ્ચે ચીનને લઈને નારાજગી છે.એડવાન્સ પ્લાન: ટેરિફ સામે ટકી રહેવા કંપનીઓની તૈયારી: ઉઝના કંઝ્યુમર માર્કેટ લીડર અલી ફુરમેને કહ્યું કે ટેરિફ હવે કંપનીઓ માટે ચર્ચાનો મુખ્ય વિષય બની ગયો છે. અત્યારે પણ ટ્રમ્પની નીતિઓ અસ્પષ્ટ છે.વ્યાપક અસર: અમેરિકાના પ્રત્યેક પરિવાર અને બિઝનેસ પર અસર કોલંબિયા બિઝનેસ સ્કૂલના પ્રોફેસર બ્રેટ હાઉસે કહ્યું કે લગભગ તમામ કંઝ્યુમર પ્રોડક્ટ્સની કિંમત વધી શકે છે. કેનેડાથી આયાત થતા પેટ્રોલિયમ પર ટેરિફથી અમેરિકામાં બધુ જ મોંઘું થઇ શકે છે. ટેરિફનો પ્રભાવ વ્યાપક હોય શકે છે. તેનાથી ઘર અને બિઝનેસ પર અસર થઇ શકે છે.ભારતીય આઇટી કંપનીઓનો ૨૫ હજાર સ્થાનિક સ્ટાફની ભરતી કરી ભારતીય આઇટી કંપનીઓને અમેરિકામાં ટેરિફ વધવાનો તેમજ બીજા દેશોના પ્રોફેશનલ્સ માટે સ્થિતિ મુશ્કેલ થવાનો અંદાજ પહેલાથી જ હતો. એટલે જ કંપનીઓએ અમેરિકામાં જ વધુ સ્થાનિક કર્મચારીની ભરતી કરી છે. ઈન્ફોસિસ અને ઝ્રઝ્રજી જેવી કંપનીઓએ અમેરિકન હાયરિંગને વધાર્યું છે. આ બંને કંપનીઓએ ૨૫ હજારથી વધુ અમેરિકન સ્ટાફની ભરતી કરી છે. અમેરિકામાં નીતિમાં ફેરફાર થવાની સાથે જ ભારતીય આઇટી કંપનીઓએ હેલ્થકેર સર્વિસ, રિટેલ અને બેન્કિંગ સેક્ટરમાં ફેરફાર માટે તૈયાર રહેવું પડશે.

# સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, થરાદમાં ડિબેટ કૉમ્પિટિશન યોજાઈ



સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, થરાદમાં તા. ૨૨/૧/૨૦૨૫ના રોજ સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત ડિબેટ કૉમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડિબેટ સ્પર્ધામાં બીએ/બીકોમના કુલ ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેઓએ મોબાઈલઃ ફાયદાકારક કે નુકસાનકારક?, શું સારુંઃ ગામડું કે શહેર?, ઘૂંઘટપ્રથા હોવી જોઈએ?, ભૂત અસ્તિત્વ ધરાવે છે?, ભ્રષ્ટાચાર કોણ કરે છેઃ અધિકારી કે જનતા?, ભીખારીઓને ભીખ આપવી જોઈએ? જેવા વિષયો પર પક્ષ-વિપક્ષમાં ચર્ચા તર્કબદ્ધ ને ચોટદાર દલીલો કરીને પ્રસ્તુતિ સ્પર્ધાને જીવંત બનાવી દીધી હતી. પ્રસ્તુત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ભાવિક ચાવડા અને પ્રા. ચિરાગ શર્માએ સેવાઓ બજાવી હતી. આ પ્રસંગે પ્રા. ભાવિક ચાવડાએ ડિબેટ સંદર્ભે કંઈ બાબતોની કાળજી રાખવી જોઈએ એ પણ સમજાવ્યું હતું અને સ્પર્ધામા ભાગ લીધેલ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રસ્તુત સ્પર્ધાનુ આયોજન સર્જનાત્મક અભિવ્યક્તિ ધારાના કોઓર્ડિનેટર ડૉ. રતિલાલ કા. રોહિતે કર્યુ હતુ. આ કાર્યક્રમમા ૫૭ વિદ્યાર્થિનીઓ અને ૫૩ વિદ્યાર્થીઓ એમ કુલ ૧૧૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે નોધનીય છે કે, તા. ૧૭ જાન્યુઆરીથી અત્રેની કૉલેજમા સપ્તધારા સપ્તાહની જોરશોરથી ઉજવણી ચાલી રહી છે.

# ગુજરાત સરકારની આગવી પહેલ લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીના ઉપયોગથી રાજ્યમાં નવી ૬૦૭ આંગણવાડી-નંદઘરનું નિર્માણ કરાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, અદ્યતન અને સુવિધા સભર આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા વિકસિત ભારત જી ૨૦૪૭ના નિર્ધારમાં વિકસિત ગુજરાતથી અગ્રેસર રહેનારી ભાવિ પેઢીનો મજબૂત પાયો છે. મુખ્યમંત્રીશ્રી રાજ્ય સરકારના સાહસ ય્જીઁઝ અને તેની ગ્રુપ કંપનીઝ દ્વારા ઝજીઇ અંતર્ગત નિર્માણ થનારી ૬૦૭ આંગણવાડી કેન્દ્રો-નંદઘરના નિર્માણનો ઈ-શુભારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. તેમણે આ નંદઘર- આંગણવાડી કેન્દ્રો નિર્માણનો ઈ-શુભારંભ નાણાં-ઉર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મહિલા બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા તથા મુખ્ય સચિવ શ્રી રાજકુમાર અને વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ આંગણવાડીને નંદઘર અને આંગણવાડી કાર્યકર બહેનોને માતા યશોદા કહી છે ત્યારે આંગણવાડીમાં આવતા બાળકના ઘડતરમાં યશોદા માતા જેવા કર્તવ્યભાવથી બહેનો સેવારત રહે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, બાળકને આંગણવાડીમાં નિયમિત આવવાની પ્રેરણા થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ બનાવવું જોઈએ. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, દેશ આઝાદીની શતાબ્દી ૨૦૪૭મા મનાવતો હશે ત્યારે હાલ આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો યુવા વયે પહોંચ્યા હશે. આ યુવાશક્તિમાં રાષ્ટ્રહિત ઉજાગર થાય તેવા સંસ્કાર બાળપણથી જ કેળવવાનું અને ભાવિ પેઢીના ઉમદા ઘડતરનું કર્તવ્ય પોઝિટિવ-સકારાત્મક અભિગમથી નિભાવીને સમાજહિતની મળેલી તકને સાર્થક કરવા અને નકારાત્મકતા દૂર કરવા તેમણે પ્રેરક આહવાન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ય્જીઁઝના આ સમાજ હિતકારી અભિગમની પ્રસંશા કરતાં એમ પણ કહ્યું કે, રાજ્ય સરકાર અદ્યતન અને સુવિધા સભર તથા ગુણવત્તાયુક્ત આંગણવાડીઓના નિર્માણ માટે પૂરતું ભંડોળ આપવા તત્પર છે.આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓનો ચિતાર રજૂ કરતાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, હાલ રાજ્યમાં ૫૩ હજાર જેટલી આંગણવાડી કાર્યરત છે, જેમાં ૪૫ લાખથી વધુ બાળકો, મહિલા તેમજ ધાત્રી મહિલા લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ મળી રહ્યું છે. ગુણવત્તાયુક્ત પોષણ અને શિક્ષણ આપી આપણે વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનો નિર્માણ કરીશું.મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, બાળક દેશનું ભવિષ્ય છે અને તેના જીવન ઘડતરનો મજબૂત પાયો નાખવાનું કામ આંગણવાડી કેન્દ્રો કરે છે. બાળકોના ઘડતરમાં કોઈપણ પ્રકારની અસુવિધા ન રહે તે માટે રાજ્ય સરકાર નિરંતર પ્રયાસ કરી રહી છે. તેના પરિણામે આજે રાજ્યમાં ન્ય્જીહ્લ જેવી અદ્યતન ટેકનોલોજીના માધ્યમથી નવનિર્માણ થનારા નંદઘરોને ટકાઉ અને વધુ ગુણવત્તાયુક્ત બનાવવાની શુભ શરૂઆત થઈ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ નંદઘરોના નિર્માણ માટે ભારત સરકાર દ્વારા મંજૂર કરાયેલી લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીની ય્જીઁઝ અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા લગભગ ૬ મહિનાના રિસર્ચ અને વિચાર-પરામર્શ બાદ પસંદગી કરવામાં આવી છે. આ અદ્યતન ટેકનોલોજીથી ભૂકંપ, ભેજ, આગ જેવી વિવિધ પરિસ્થિતિ સામે ટક્કર ઝીલી શકે તે પ્રકારના નંદઘરો માત્ર ૬૦ દિવસમાં જ બનાવી શકાય છે. રાજ્યના મુખ્ય સચિવ અને ય્જીઁઝના ચેરમેન શ્રી રાજકુમારે આ પ્રસંગે જણાવ્યું હતું કે, દેશનું ભવિષ્ય જ્યાંથી નિર્માણ પામે છે, તેવા આંગણવાડી કેન્દ્રો અને શાળાઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં સસ્ટેઇનેબલ અને ઈકોફ્રેન્ડલી બનાવીને પાયાની તમામ સુવિધાઓથી સુસજ્જ કરવાની સરકારની નેમ છે.રાજ્યના બાળકો અને મહિલાઓના હિતાર્થે નંદઘરોને અદ્યતન બનાવવા માટે આજે ય્જીઁઝ દ્વારા શુભ શરૂઆત થઈ છે. ગુજરાતની દરેક આંગણવાડી તમામ સુવિધાઓથી અદ્યતન ન થાય, ત્યાં સુધી દર વર્ષેઝજીઇ હેઠળ આંગણવાડી કેન્દ્રોને વિકસાવવાની ય્જીઁઝની સંકલ્પબદ્ધતા તેમણે વ્યક્ત કરી હતી.

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી નિર્માણ કાર્યનો ડિજિટલ શુભારંભ કરાવ્યો નાણાંમંત્રીશ્રી - મહિલા બાળ કલ્યાણ મંત્રીશ્રીની વિશેષ ઉપસ્થિતિ**

-------

**રાજ્ય સરકારના સાહસ GSPC તથા તેની ગ્રુપ કંપનીઓ દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ઝજીઇ અંતર્ગત આંગણવાડીઓનું અદ્યતન સુવિધાઓ સાથે નિર્માણ થશે**

-------

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત જ ૨૦૪૭ના કરેલા નિર્ધારમાં વિકસિત ગુજરાતથી અગ્રીમ રહેનારી ભાવિ પેઢીનો મજબૂત પાયો નાખવાનું કામ આંગણવાડી કેન્દ્રો કરશેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

-------

**::મુખ્યમંત્રીશ્રી::**

**★ બાળકને આંગણવાડીમાં નિયમિત આવવાની પ્રેરણા થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ બનાવીએ.**

**★ ભાવિ પેઢીના ઘડતરનું ઉમદા કર્તવ્ય પોઝિટિવ - સકારાત્મક અભિગમથી નિભાવીને સમાજહિતની મળેલી તક સાર્થક કરીએ.**

**★અદ્યતન-સુવિધાસભર-ગુણવત્તાયુક્ત આંગણવાડીઓના નિર્માણ માટે રાજ્ય સરકાર પૂરતું ભંડોળ આપવા તત્પર છે.**

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG S No:226**
વિષયઃ-ચીતરાઈ જઈશ તારા રંગે,તું શરૂ તો કર થોડા સ્નેહના રંગથી
શીર્ષકઃ-તારા સૂર- તાલ ને હું
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ-૮૭

તારા સૂરના તાલે મારા હૃદિયાનો શ્વાસ ધબકે છે.
કેવાં કર્યાં છે તેં ના જાણે કામણ નયનો તરસે છે.

અધરે ધરીલે મુખે મોરલી કેકારવ હા ટહુકે છે.
તારી પાયલના ખનકારે મનનો ઉપવન મહેકે છે.

તું વગાડે જો વાયોલિન સૂરમય સંગીત રેલાય છે.
કૈંક દુઃખીયાં સૂરમય સંગીતમાં દુઃખડાં વિસરે છે.

એક તું છે જે મુજ મનમંદિરમાં આવીને બિરાજે છે.
એક હું છું જે તુજ મનમંદિરમાં વસતી પ્રતિમા છે.

તું મારા દિલ તણી રાજકુમારી બની રહેલી છે.
હું તો તારા દિલ તણો રાજકુમાર સૌ જણાવે છે.

સુભાષ ઉપાધ્યાય.'મેહુલ'(અમેરિકા)
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO: 364***
★વિષયઃ- ચિતરાઈ જઈશ તારા રંગે, તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી.★
★શીર્ષકઃ- "રે શ્યામ "★
★પ્રકારઃ- પદ્ય,શબ્દોઃ- ૯૮★
★રે શ્યામ,★ તારો શ્યામ રંગ દઈ દેને મને,
શ્યામ રંગ પર કોઈ દુજો દાગ ના લાગે મને.
રે શ્યામ......
ગોપીઓ રંગાઈ આ રંગે ને ન્યાલ થઈ ગઈ,
ગોપબાલોનેય લાગ્યો આ રંગ, કમાલ થઈ ગઈ.
તુજ ભક્તિરંગની તૃષ્ણા લાગી છે નિઃસંદેહ મને.
રે શ્યામ.......
તારા રંગથી ના કોઈ ચડિયાતો બીજો કોઈ જ રંગ,
ચીતરાઈ જઈશ તારા રંગે, પુલકિત થાશે મુજ અંગ,
તું શરૂ તો કર, થોડા સ્નેહના રંગોથી રંગવાનું મને.
રે શ્યામ........
તુજ રંગમાં રંગાયેલા ભક્તો તુજ ધામને પામ્યા,
તુજ ચરણરજમાં અર્પણ કરાયેલાં નામને પામ્યા,
★"પંકજ"★- કવિ વિનવે,"એવી જ લગન લગાડી દે મને.
મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.★
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 219**
વિષય :ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી
શીર્ષક : પ્રેમનું અમૃત
પ્રકાર : પત્ર   શબ્દ સંખ્યા : ૨૩૨
પ્રિય,

મારા મનનું આ આકાશ તારા પ્રેમના રંગોથી ભરાઈ જવા માટે તત્પર છે. હે પ્રિય, મારી આ ધરતી ખાલી છે, તારા પ્રેમના અમૃતથી તેને પાવન કર.મારું હૃદય એક ખાલી કેનવાસ છે, જ્યાં તારા સ્પર્શથી જીવનના નવા રંગ ઉપજશે.
તુ જ છે, જે મારા જીવનના શ્વાસોને સત્યતામાં ફેરવે છે,
બસ તું હાથ આગળ વધાર તારા પ્રેમના હળવા સ્પર્શથી.

તારા પ્રેમનો એક નાનકડો રંગ પણ મારા માટે એક જગત સમાન છે. તું મારી આંખોમાં ઝાંખું માવજતનું સ્વપ્ન ભરીને જો, મારા હૃદયમાં પ્રણયની નદી વહેતી થઈ જશે.
મારું મન તારા પ્રેમના વાદળોથી છવાઈ જાય, તો મારા જીવનમાં એક નવલાં નેજા ઊગી શકે.

મારે બધું તારા સંકેતોથી નિભાવવું છે, તું પ્રેમનો નાનો કણ વરસાવ,મારા અંદરના બધાં શૂન્યને જીવનથી ભરી દઈશ.
★ચિત્રાઈ જઈશ હું તારા રંગે,તું પ્રેમના થોડા એ રંગોથી શરૂ તો કર.★

સ્ત્રીના હૃદયમાં પ્રેમનું એક વિશાળ સાગર હોય છે.
તેને માત્ર એક પંખીડાની જેમ આઝાદીથી ઉડવા દેવાની જરૂર છે.તારા પ્રેમનો આકાર આટલો સુંદર છે કે હું એમાં લીન થઈ જવા તૈયાર છું. તું એક લકીર દોરી શકે છે, જે જીવનને નવી દિશા આપે, મારે તો એ લકીરની ભવ્યતામાં ડૂબી જવું છે.

મારા મનમાં છે કંઈક એવું, જે તારા પ્રેમથી જ વર્તમાન બની શકે.તો
તું શરુ કર તારા પ્રેમને થોડી નમણી ભાવનાથી,
અને જો હું કેવી રીતે ચમકી ઉઠું છું તારા પ્રેમના ચમત્કારથી.
હું તારી શરુઆત માટે આતુર છું, તારા પ્રેમમાં ચિત્રાઈ જવા તૈયાર છું.
બસ પ્રિય, તું શરૂઆત તો કર.

- નયના જે. સોલંકી..આંખો
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S N O:168**
વિષયઃ ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તો શરૂ તું કર થોડા સ્નેહના રંગોથી
શીર્ષકઃ હું શિવ પ્રેમમાં ચિત્રાઈ ગયો
પ્રકારઃ પદ       સંખ્યાઃ ૧૩૦

હે મનુષ્ય,તારી ઓળખાણ શું છે..? હું તારા પ્રેમમાં ડૂબવું,
તારી ઓળખાણ શું છે, કે હું તારા પર વિશ્વાસ કરું...

તું છે મનુષ્ય તો, મનુષ્યથી માનવ બની બતાય,
તો હું ચિત્રાઈ જઈશ, તારા રંગોમાં સ્નેહનાં સૂત્રથી.

ડગલે ને પગલે, તુ રંગ બદલતો રહે છે બનાવટી સ્નેહનાં,
શું વિશ્વાસ કરું હું તુજ પર, કે તારો રંગ નહીં બદલે..?

મને તો, સૌથી પ્રિય લાગે છે મારા શિવ ભગવાન,
એમના રંગોમાં ચિત્રાઈ જવું જ મને ગમે છે.

હું ચિત્રરાઈ ગયો છું શિવમાં, જે સત્ય છે,
જગત કાજે ....સત્યમ શિવમ સુન્દરમ.

ચિત્રાઈ ગયો છું, હે શિવ હું તારા સ્નેહનાં રંગોથી,
તારા રંગ જેવો, પાકો રંગ દુનિયામાં કોઈનો રંગ નથી

તારા માંજ કરું છું, હું સૌનાં દર્શન.. તારું સ્મરણ કરી ,
તું જ છું રચનાનો રચયિતા આદિ મધ્ય અંત ,જે હું જાણું છું.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (ઉદયપુર)
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S: NO - 353**
વિષયઃ ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તો શરૂ તું કર થોડા સ્નેહના રંગોથી
શીર્ષકઃ પ્રભુ તારામાં ચિત્રાઈ રંગાયો, તે તારા સ્નેહથી રંગી દીધો.
પ્રકારઃ ગદ્ય       શબ્દો -૩૫૦

જીવનમાં આપણા અનેક રંગો ભરીએ છીએ. પણ કોઈ દિવસ એમ વિચાર્યું કે આ બધા રંગોમાં કયો રંગ આપણને કારમી સુખ શાંતિ આપી શકે.સંસારના રંગોમાં આપણે ઘણા રંગાયા પણ કોઈ દિવસ ખુદથી ખુદના રંગમાં રંગાયા એ પ્રશ્ન આપણે જાત સાથે કર્યો જ નથી.
ખુદથી ખુદાના રંગમાં રંગાવુ એજ જીવનનો સાચો આનંદ છે. ભકિતના રંગમાં રંગાઈ જવું. પરમાત્માના બની બસ એનામાં એવું ચિત્રાઈ જવું કે પછી બીજો કોઈ રંગ આપણને લાગે નહીં.
ભકિતના રંગમાં ગોપીઓ ચિત્રાઈ એને કૃષ્ણ રૂપ બની ને જીવનને સાચા રંગમાં રંગી પરમપદને પામી પણ પ્રભુ કૃષ્ણે પણ એમને સ્નેહના રંગોથી એવા રંગ્યા કે બીજો કોઈ રંગ લાગે જ નહીં.
એટલે જ દોહામાં રહેવાનું મન થાય કે..
ભકિતના રંગે ચિત્રાઈ જાવું પ્રભુ,પછી બીજા રંગ લાગે ફિકકા,
હું તારા રંગે રંગાયો, તે જ્યારે તારા સ્નેહનો રંગ મને લગાડ્યો.
પરમાત્મા પ્રેમ છે. એને કોઈના પ્રત્યે ભેદભાવ રાખ્યો નથી. એને સૌને પોતાના પ્રેમ,સ્નેહના રંગોથી રંગ્યા છે.કોઈ એને ઓળખી જાય તો કોઈ ઓળખી શકતું નથી.એટલે જીવનમાં સાચો રંગ એ પરમાત્માને પ્રેમ કરી એનામાં લીન થવું.ભકિતનો રંગ એજ સાચો બીજો રંગ કાચો છે.
મીરાં કૃષ્ણની એટલી દિવાની કે એ પોતે કૃષ્ણ રૂપ બની ગઈ. એના જીવનને કૃષ્ણમાં એવું ચિત્રાઈ દીધું કે કૃષ્ણ એનો પ્રાણ કૃષ્ણ એનો શ્ર્વાસ બની ગયા.પણ કૃષ્ણ એ પણ મીરાં માટે એવો સ્નેહ કે ઝેરનો પ્યાલો પણ એમને પી લીધો.
પરમાત્મા પામે જો પરમાત્મા માંગીએ તો પછી બીજું કંઈ માંગવાનું બાકી રહેતું નથી.કારણ કે પ્રભુના રંગમાં ચિત્રાઈ જશું તો પછી એ પ્રભુ આપણને એના પ્રેમને સ્નેહથી આપણને સંભાળી લેશે જગતના દાવાનળ થી આપણી રક્ષા કરશે.
એટલે શીર્ષક પ્રમાણે કહીએ તો પ્રભુ હું તારા રંગે ચિત્રાઈ જઈશ. પણ મને તારા એ પરમ આનંદના સ્નેહ રંગથી ભરી દે હું ભકિત થકી તને પામીશ પણ પ્રભુ કહે તું શરુઆત કર હું પછી તારી ભક્તિથી તારામાં ચિત્રાઈ જઈશ.
સંસારના સ્નેહ,પ્રેમ એતો આ દેહ છે ત્યાં સુધી પણ જ્યારે દેહ માટી કે રાખ બની જાય પછી કોઈ આપણું નથી.પણ જો આત્મા ને જીવતા જ એ પરમાત્માના રંગથી રંગી દઈએ. પરમાત્મા એના સ્નેહથી આપણા જીવનને રંગીન દેશે.
લિ - સોલંકી પ્રકાશકુમાર.એમ."એકાંત"વૈરાગી "
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 181**
વિષયઃ " ચિત્રાઈ જઈશ હું તારા રંગે,
તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી"
શીર્ષકઃ ★"કૌસુમી રસ રંગ"★
પ્રકારઃ પદ્ય     શબ્દોઃ ૮૧

રંગભવનની હું રાધારાણી, તું મનમોહન ઘનશ્યામ
રંગરંગીલી પ્રીત આપણી, પ્રેમમાં આપણું સૌથી
આભાર - નિહારીકા રવિયા ઊંચું સ્થાન..

લાલ ચટક રંગ કેસુડાનો, રંગ લીલો કદંબ કેરા પાનનો ઝૂમખો
રંગ પીળો ગલગોટાનો, કેસરિયા રંગના જામાનો ભારે લટકો

ભુરા રંગહીન આકાશ પર નિલાંબરાં વાદળાંનો જથ્થો
રંગ જાંબુડી મોરપંખનો, રંગ ગુલાબી મારી સાડીનો ચટકો

કાળા તારા કેશુ ઘુંઘરાળા, કાળું કાજળ મારા આંખનું
ઓછા પડશે રંગ કુદરતના જેને એ રંગ ચડે એજ આપણું

રંગ કૌસુમી??છે એવો ગહેરો ,
ચાલ રંગીએ એકમેકને
તારા રંગે રંગાયેલી હું ને મારા રંગે રંગાયો તું....

??સુરમી બધેકા, કૌસુમી??, મુંબઈ
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.356**
વિષયઃ ચિત્રાઈ જઈશ હું તારા રંગે તું શરુ તો કર થોડા સ્નેહના રંગોથી
શીર્ષકઃ સ્નેહ રંગ શ્યામ સંગ
પ્રકારઃ અછાંદસ  શબ્દ : ૧૦૦

મોહન મન મીત મારો ભુલાવે ભાન જી,
દરવાજે દોડી હું ખુલ્લું મુક્યું છે દ્વાર જી.

નિહાળું નભ જ્યાં દીસે એક ભાણ જી,
લાગે કે તું મને જોઈ રહ્યો હે...કાનજી!
રંધાતી રસોઈ ને રાધા જોતી રાહ જી,
પીરસ્યો પ્રેમ રંગ, આવો મારા શ્યામ જી.

ધર્યું મીઠું માખણને મીઠડો મન ભાવ જી,
પ્રેમ પુજારણ માંગે, સ્નેહ તણો સાથ જી.

ઓચિંતો પગરવ થયો ને ચમક્યા કાન જી,
વ્રજની રજ, રજની ને સંગે રાધે-શ્યામજી.

શ્યામ રંગ વ્હાલો મને 'ના' બીજા રંગ જી,
બેરંગી દુનિયા બધી 'ના' હો શ્યામ સંગ જી.

સૂરીલી વેણુ સુણી, 'સુરીલી' હોશ દંગ જી,
સદા સંભારુ શામળા, સ્નેહ રંગ સંગ જી.

નામઃ સુમિતા હીરપરા 'સુરીલી' વડોદરા.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'શ્રી કૃષ્ણરાધા ના પદ'
શીર્ષક :- 'તું ફૂલવારી'
પ્રકાર :- પદ્ય-ગેય ગીત (શબ્દો :- ૧૨૭)

તું ફૂલવારી હું ફૂલ છું તારા ઉપવનનું. (ટેક)
તું સાગર છે એક ચૈતન્ય, હું બુંદ છું તારા દરિયાની.

રવિ શશીના તેજ ધરીને, ખિલતું તારું આંગણિયું,
તું વનરાઈ છે, હું વેલી છું, હું પિંજર પુર્યું પંખી છુંપતું ફૂલવારી.

વસવું તારું વિશ્વ વિરાટે, નામ ધર્યું કાં વનમાળી,
તું વનમાં રે'તો બનવારી, હું ગોકુલ કેરી નારી છુંપતું ફૂલવારી.

છાશ વલોવતા નવનિત નિતરે, નંદ કિશોરનું નજરાણું,
તું વહેતી પ્રેમ સરિતા છે, હું પ્રેમ વિજોગણ જોગન છું. પતું ફૂલવારી.

સોમ્ય શિશુના હાસ્ય જેવું, હુદિયે ચમકે ચાંદરણું,
તું હૃદય કમળનો વાસી છે, હું દર્શન પ્યાસી સજની છું. પતું ફૂલવારી.

વિશ્વ વિરાટે જાંખી રચતું, મલકે તારું મુખમંડળ,
તું આભ જરૂખે જુલણું છે, હું અમર અંશની સુરત છું. પતું ફૂલવારી.
તું ફૂલવારી હું ફૂલ છું તારા ઉપવનનું.
યોગેશભાઈ પંડ્યા ' સ્વજન ' જૂનાગઢ.)
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO: 334***
વિષયઃ- ચિતરાઈ જઈશ તારા રંગે, તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી.
શીર્ષકઃ- 'હું રંગાઈ તારા રંગમાં'
પ્રકાર :- પદ્ય     શબ્દોઃ-૭૬

ઓ શ્યામ ! હું રંગાઈ તારા રંગમાં,
હું તો બાવરી થઈ ઝૂરું વૃંદાવનમાં.

તારી બંસીના નાદે થઈ હું ઘેલી,
તન ભાન ભૂલી ફરું ગાંડી ઘેલી.

મારા હૃદયે છલકે છે હેતની હેલી,
મારા નયનોમાં અશ્રુધારની હેલી.

તારી પ્રીતમાં રંગાઈ ગઈ પૂરેપૂરી,
મારા દિલે ચીતરાઈ ગઈ મૂરત તારી.

તું તડપાવિશ નહીં મને વારી વારી,
તારી અકળ કળા છે ન્યારી ન્યારી.

આવીને અધરામૃતને ભીંજવી જા,
મારી વિરહની આગને બુઝાવી જા.

મે તો ચૂંદડી ઓઢી છે તારા નામની,
મને શરણમાં રાખોને મારા શ્યામજી.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર

## પદ્ય રચના

ક્યાંક હું ભુલાયો, ક્યાંક હું સલવાયો,
પ્રેમ અને ભેરુ ના તફાવતે ખલવાયો.!

ક્યાંક હું અથડાયો, ક્યાંક હું તણાયો,
કેવા કેવા વિચારે ક્યાંક તો ખરડાયો.!

ના જાણ્યો એને, બસ રહ્યો અણજાનો,
તફાવતો કેટલા, બસ એમજ મુરજાણો.!

આંગણ ઘણા, એને આંગણે ભટકાણો,
ના ખુલ્યો દરવાજો, રહી રહી ઠૂંઠવાણો.!

વશી ઘણા આ જગતે, એનો રહ્યો ઝુરાપો,
એક તુજ જગતે રહી રહી ને અથડાણો..!

વીૃદેવકાવાલા (Leicester, UK)

..........
આંખોમાં એની આજે ભાવ કોઈ નવો છે,
કે પછી, જિંદગીનો આ દાવ કોઈ નવો છે?

આમ તો રોજેરોજ નિરંતર આંખો વહે છે,
પણ લાગે છે કે, આજે સ્રાવ કોઈ નવો છે.

જુઓ યંત્રવત્ ચાલ્યા કરે છે આ જિંદગી,
પણ, આજે બન્યો તે બનાવ કોઈ નવો છે.

જૂના જખ્મો તણી વેદનાયે ના મટી, ત્યાં
જીગરમાં પડ્યો તાજો ઘાવ કોઈ નવો છે.

રસ્તાઓ, દિશાઓની જાણ તો પૂરી હતી,
મારગમાં જે આવ્યો ઢોળાવ કોઈ નવો છે.

રંજ નથી જરા પણ, કોઈ કહે પાગલ હવે,
લો મળ્યો જીવનમાં શિરપાવ કોઈ નવો છે.

શાંતિ મનની જિંદગીમાં આવી છે 'સનમ',
ચહેરા પર એના હવે પ્રભાવ કોઈ નવો છે.

મુકુલ દવે "સનમ". (અમદાવાદ)
.....................

## ......ગઝલ.....

સુવડાવી દીધી મારી સાથે રાતનેય
સપનાને લઈ મેં હળવેથી કાંખમાં..

સમેટતો રહ્યો હું ખુદનેજ વારંવાર
આંસુ ઉધારના માંગી હું આંખમાં..

નથી ખુલતી સમયની બંધ મુઠ્ઠી
અંગાર જુએ રાહ બદલાવાં રાખમાં..

ગણી લીધો સૌએ અહીં દીવાનો મને
કોઈ તો રહો "પ્રતીક" તણી સાખમાં..

ગુમ થયો હું હવે મારીજ ખોજમાં
શોધું આસમાન હું પંખીની પાંખમાં...

પ્રતિક શાહ...(વડોદરા )
.................

## ગઝલ

મોહ માયા સહેજ તો છોડી બતાવ તું!
'ને પરમ રસ્તે જરા દોડી બતાવ તું!

ફૂલના ઢગલા કચડ, પણ એટલી શરત!
બાવળો બે ચાર સરોડી બતાવ તું!

વૈભવી મંદિર ખૂંચ્યા આંખમાં ભલા?
એક દેરું તો જરા ખોડી બતાવ તું!

તું ક્ષમાનો બોધ આપે છે, કબૂલ છે,
હાથ પહેલા કોઈને જોડી બતાવ તું!

એમ કંઈ સહેલો નથી આ પિંડ છોડવો!
શ્વાસની આ શૃંખલા તોડી બતાવ તું.
રમેશ સંઘવી (અમરેલી)

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે તેને કોંગ્રેસ પક્ષ આ જાહેરાતને આવકારે છે



૬૮ નગરપાલિકા ચૂંટણી સહિત જાહેર થયેલ સ્થાનિક સ્વરાજ્યની પેટા ચૂંટણીઓ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલની પ્રતિક્રિયા૧૯ ફેબ્રુઆરી ૨૦૨૩ માં મુદત પૂરી થઈ તેને બે વર્ષ સુધી વહીવટદારો મૂકવા પડ્યા..કોંગ્રેસ પક્ષ મજબૂદીથી પરિણામ મેળવશે..નળ ગટર અને રસ્તા એટલે નગરપાલિકા કહેવાય પરંતુ નગરપાલિકાઓમાં પાયાની સુવિધાઓનો અભાવ છે..આવો ગેર વહીવટ ક્યારેય જોવા મળ્યો નથી..સિનિયર આગેવાનોને પ્રભારી તરીકેની નિમણૂક કરવામાં આવી છે..ભાજપનો ગેર વહીવટ પણ આવડત અને ભ્રષ્ટાચાર સામે મજબૂતીથી લડીશું.ગેર વહીવટ ચાલી રહ્યો છે.ત્યારે ગુજરાતના મતદારો કોંગ્રેસ પક્ષને પ્રેમ મતો અને આશીર્વાદ આપશે તેવી વિનંતી કરું છું.

# ભાજપના "સંવિધાન ગૌરવ અભિયાન" અન્વયે ગાંધીનગર શહેર ભાજપ દ્વારા પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું






ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, કેન્દ્રીય ભાજપાની કાર્યસૂચિ અનુસાર તેમજ પ્રદેશ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રવ્યાપી "સંવિધાન ગૌરવ અભિયાન" અન્વયે ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા ધારાસભ્ય રીટાબેન પટેલના કાર્યાલય ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું હતું જેમાં રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો તેમજ બંધારણીય મૂલ્યો અંગે વિગતવાર સંવાદ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપા દ્વારા દેશના સંવિધાન પ્રત્યે ગૌરવ અને સન્માનની ભાવનાને જન જનમાં મજબૂત બનાવવા "સંવિધાન ગૌરવ અભિયાન" યોજવામાં આવ્યું છે.આ તકે પ્રબુદ્ધ નાગરિકો ઉપરાંત ગાંધીનગર મહાનગર ભાજપાના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, ગાંધીનગર મહાનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, મહામંત્રીશ્રીઓ, અગ્રણીશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, નગરસેવકો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં કચ્છના ચાંદ્રાણી ખાતે શ્રી સ્વામીનારાયણ વૈદિક ગુરુકુળનો શિલાન્યાસ

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં કચ્છના અંજાર તાલુકાના ચાંદ્રાણી ખાતે આજે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ સંસ્થાપિત તેમજ રાપર મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ વૈદિક ગુરૂકુળના શિલાન્યાસ અને ખાતમૂહુર્તની વિધિ યોજાઈ હતી. વૈદિક ગુરૂકુળના શિલાન્યાસ પ્રસંગે રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, સંતોએ અથાગ તપસ્યા કરીને માનવ કલ્યાણ અને સમાજ ઉદ્ધારના કાર્યો કર્યા છે. અન્ય ગુરૂકુળોથી આ વૈદિક ગુરૂકુળને વિશિષ્ટ ગણાવીને રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, આ વૈદિક ગુરૂકુળમાંથી ભારતીય જીવનમૂલ્યો ધરાવતા સંસ્કારવાન વિદ્યાર્થીઓ તૈયાર થશે અને સમાજને પ્રેરણા આપશે.



રાજયપાલશ્રીએ સંસ્કૃતિને ટકાવી રાખવા ઉપર ભાર મૂકીને ઉમેર્યું હતું કે, આ ગુરૂકુળ વૈદિક સંસ્કૃતિ, સિદ્ધાંતો અને જીવનમૂલ્યોના ઘડતરનું મહત્વનું કેન્દ્ર બની રહેશે. સંસ્કૃતિના મુખ્ય આધાર જ વેદો છે અને તેના લીધે જ વેદોનું શિક્ષણ જરૂરી છે. વૈદિક ગુરૂકુળોને દેશની મહત્વની સંપદા ગણાવીને ચાંદ્રાણી વૈદિક ગુરૂકુળ શ્રેષ્ઠ નાગરિકોના નિર્માણમાં ઉપયોગી બનશે એવો રાજયપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપકશ્રી સહજાનંદજી સ્વામીના સદવિચાર અને સદવિદ્યાના પ્રચાર પ્રસાર માટે વૈદિક ગુરૂકુળ પ્રતીક બનશે એમ રાજયપાલશ્રીએ ઉમેર્યું હતું. પ્રાસંગિક પ્રવચન કરતાં ભુજ મંદિરના મહંત સદગુરુ પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીએ જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ ભગવાનની કૃપા અને સંતોની મહેનતથી કચ્છના ચાંદ્રાણી ખાતે શ્રી સ્વામિનારાયણ વૈદિક ગુરુકુળના નિર્માણનું સ્વપ્ન સાકાર થયું છે. મહંત સ્વામીએ ઉમેર્યું હતું કે, આ વૈદિક ગુરૂકુળમાં તૈયાર થનારા વિદ્યાર્થીઓ સંસ્કૃતિની જાળવણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ વૈદિક ગુરૂકુળ પરિસરનું ઉત્તમ રીતે નિર્માણ થાય અને તેનો વહીવટ સુચારુ રીતે ચાલે તે માટે સૌ સંતોના માર્ગદર્શનમાં હરિભક્તોને સહયોગ આપવા મહંત સ્વામીએ અનુરોધ કર્યો હતો. દેશ દુનિયામાં તમામ નાગરિકો સુખી તેમજ સ્વસ્થ રહે એવા આર્શીવાદ મહંત સદગુરુ પુરાણી સ્વામીશ્રી ધર્મનંદનદાસજીએ આપ્યા હતા.

ચાંદ્રાણી ખાતે પધારેલા ગુજરાતના માનનીય રાજયપાલશ્રીનું ગાર્ડ ઓફ ઑનરથી સ્વાગત કરવામાં આવ્યું હતું. વૈદિક ગુરૂકુળના શિલાન્યાસ કાર્યક્રમના અંતે આભારવિધિ રાપર ગુરૂકુળના સ્વામી શ્રી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ કરી હતી. આ પ્રસંગે અંજારના ધારાસભ્યશ્રી ત્રિકમભાઈ છાંગા, સરહદ ડેરીના ચેરમેનશ્રી વલમજીભાઈ હુંબલ, અગ્રણીશ્રી દેવજીભાઈ વરચંદ, ચાંદ્રાણીના સરપંચશ્રી ગોવિંદભાઈ હુંબલ, જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શૈલેષ પ્રજાપતિ, મદદનીશ કલેક્ટરશ્રી સુનિલ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી મુકેશ ચૌધરી, ભુજ પ્રસાદી મંદિરના મહંત સદગુરુ પુરાણી સ્વામી શ્રી બાલકૃષ્ણદાસજી, સદગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, ઉપમહંત સદગુરુ સ્વામીશ્રી ભગવદ્જીવનદાસજી, સદગુરુ સ્વામીશ્રી મુકુંદજીવનદાસજી, સદગુરુ પુરાણી સ્વામીશ્રી હરિબળદાસજી સહિત સ્વામીનારાયણની વિવિધ સંસ્થાઓ અને મંદિરોના મહંતશ્રીઓ, હરિભક્તો, દાતાશ્રીઓ અને ગ્રામજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીશ્રી દ્વારા શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી

તારીખ ૨૦/૦૧/૨૦૨૫ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી જેમાં અરવલ્લી જિલ્લાની કુલ ૬ પ્રાથમિક શાળામાં વંદે ગુજરાત ચેનલ નંબર ૧ પરથી લાઈવ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં ભેરૂન્ડા પ્રાથમિક શાળા તાલુકો મોડાસા, પાંચકુહાડા પ્રાથમિક શાળા તા.ધનસુરા, કૃણોલ પ્રાથમિક શાળા તા.મેઘરજ ટીસ્કી પ્રાથમિક શાળા તા. માલપુર, તેનપુર પ્રાથમિક શાળા તા.બાયડ. અને ટાંકાટુંકા પ્રાથમિક શાળા તા.ભિલોડા અન્વયે નાગરીકોની સુરક્ષા અને સલામતી માટે શાળાઓમાં અકસ્માતો કે અન્ય અણધારી ઘટનાઓને બનતી અટકાવવા માટે, તથા કુદરતી હોનારતો અને માનવ સર્જિત આપત્તિઓથી વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવા માટે આજે ભેરૂન્ડા પ્રાથમિક શાળા તાલુકો



મોડાસા જીલ્લો અરવલ્લી, પાંચકુહાડા પ્રાથમિક શાળા તા.ધનસુરા,અને કૃણોલ પ્રાથમિક શાળા તા.મેઘરજ માં ફાયર વિભાગ, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અરવલ્લી મોડાસા અને વન વિભાગ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તથા અન્ય સ્કૂલો તરફથી પ્રવુત્તિઓ કરાવવામાં આવી હતી. શાળા-સલામતી કાર્યક્રમ અંતર્ગત -ફાયર વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લીડીગ ફાયર મેન શ્રી પારધી દિલીપભાઈ , પટેલ પાર્થ, તરફથી ખુબજ સુંદર માહિતી આપવામાં આવી હતી.જેમાં આગ લાગે ત્યારે કેવી રીતે બચી શકાય, ફાયર સેફટીના સાધનો કેવી રીતે વાપરી શકાય તે બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ શ્રી બી.એ મહીડા ડી.પી.ઓશ્રી ડિઝાસ્ટર અરવલ્લી,મોડાસા તથા સરપંચશ્રી અને ગ્રામ જનો તથા શાળાના આચાર્યશ્રી, સૌ શિક્ષક મિત્રો અને ધોરણ ૧ થી ૮ ના સમગ્ર વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

## સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ની તૈયારી માટે મહાનગર પાલિકાનાં શાખાધિકારીઓની મીટીંગ યોજાઇ



સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગૃહ અને શહેરી વિકાસ મંત્રાલયના કેબિનેટ મંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટરની અધ્યક્ષતામાં તા. ૧૭મી જાન્યુઆરીના રોજ સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ની નવી ટૂલ કીટનું વિમોચન કરવામાં આવેલ. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩માં કુલ ૭૦૦૦ ગુણ હતા. જેની સામે સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪માં ૧૨૫૦૦ ગુણ કરવામાં આવેલ છે. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪માં ૧૦ મુખ્ય માપદંડો અંતર્ગત મૂલ્યાંકન કરવામાં આવનાર છે. નવા માપદંડોમાં શહેરની સ્વચ્છતા, કચરાનું વર્ગીકરણ તથા એકત્રીકરણ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, ડ્રેનેજના પાણીનો પુનઃ વપરાશ, શહેરમાં સ્વચ્છતા માટેની માળખાકીય સુવિધાઓ, સફાઈ કામદારના કલ્યાણ માટેની કામગીરી તેમજ નાગરિકોના પ્રતિસાદ ઉમેરવામાં આવ્યા છે.જેમાં વિઝીબલ ક્લિનિનેસનાં ૧૫૦૦ ગુણ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એટલે કે વેસ્ટ પ્રોસેસિંગનાં ૧૫૦૦ ગુણ અને ડ્રેનેજના પાણીના પુનઃ વપરાશના ૧૦૦૦ ગુણ રાખવામાં આવેલ છે.નવી માર્ગદર્શિકા અનુસાર ગાંધીનગર મહાનગરપાલિકામાં સર્વેક્ષણની કામગીરી હાથ ધરવા માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીની અધ્યક્ષતામાં તા.૨૦ જાન્યુઆરીના રોજ તમામ સંલગ્ન શાખાધિકારીઓની મિટિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગાંધીનગરને સ્વચ્છ સર્વેક્ષણમાં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત થાય તે માટે તમામ શાખાઓ સઘન કામગીરી તે બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો. સાથે જ તા.૨૬ જાન્યુઆરીથી ગુજરાત સરકાર દ્વારા રાજયભરમાં સ્વચ્છતા કેમ્પિયન હાથ ધરવામાં આવનાર છે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ દૈનિક ધોરણે થીમ આધારિત સ્વચ્છતા અભિયાનમાં શહેરની જુદી જુદી કેટેગરીમાં આવતા તમામ વિસ્તારો ખાતે સઘન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે તે મુજબ આયોજન કરવા જણાવવામાં આવ્યું.

## ગાંધીનગર સરકારી વિનયન કોલેજમાં સેતુ અતંર્ગત સેમિનાર વક્તાઓએ ગુજરાતની ગૌરવવંતી સ્ત્રીઓની ગાથા અને સમાજમાં સ્ત્રીઓના દરજ્જા અંગે વક્તવ્ય આપ્યું

ગાંધીનગરની સરકારી વિનયન કૉલેજ ગાંધીનગરમાં તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સેતુ પ્રકલ્પ અંતર્ગત મહિલા બાળ વિકાસ વિભાગ, જેન્ડર રિસોર્સ સેન્ટર અને ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે એચ.કે. આર્ટસ કૉલેજ અમદાવાદના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. ફાલ્ગુનીબેન પુરોહિતે ગુજરાતની ગૌરવવંતી



સ્ત્રીઓની ગાથા રજૂ કરી હતી.

રાષ્ટ્રભાષા કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. વૈશાલીબેન ધોળકિયાએ સ્ત્રીઓની સામર્થ્ય યાત્રા અને સંઘર્ષની કથા વિશે વક્તવ્ય આપ્યું હતું. જેન્ડર રિસોર્સ સેન્ટરના ઓફિસર મહેન્દ્ર મકવાણાએ સેતુ પ્રકલ્પની માહિતી આપી હતી. કાર્યક્રમમાં કૉલેજના પ્રાધ્યાપકો ડૉ. તસનીમ શેખ અને ડૉ. નિયતિ મિસ્ત્રીએ સમાજમાં સ્ત્રીઓના દરજ્જા અને જાતીય સમાનતા વિશે મહત્વપૂર્ણ મુદ્દાઓ રજૂ કર્યા હતો.

કાર્યક્રમના અંતિમ સત્રમાં આશાબેન ભગત, જાનકીબેન મહેતા અને નીનાબેન દેસાઈએ સ્ત્રીઓના વિવિધ ભાવ અને રૂપોને રજૂ કરતી કવિતાઓનું પઠન કર્યું. સમગ્ર સેમિનારનું આયોજન સેતુ નોડલ ઓફિસર ડૉ. જલ્પા રાણા અને ઝઉઢઝ કોર્ડીનેટર ડૉ. જોલી દેસાઈના નેતૃત્વમાં કરવામાં આવ્યું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ગાંધીનગર મનપાનું બજેટ ૧૫૦૦ કરોડને પારઃનવા વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ, પ્રોપર્ટી ટેક્સમાં વધારો થઈ શકે

ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર આવતીકાલે ૨૩મી જાન્યુઆરીએ વર્ષ ૨૦૨૫-૨૬નું ડ્રાફ્ટ બજેટ રજૂ કરશે. ગત વર્ષે રૂ. ૧૨૬૦ કરોડના બજેટની સરખામણીએ આ વખતે બજેટનું કદ ૧૫ ટકા વધીને રૂ. ૧૫૦૦ કરોડની આસપાસ રહેવાની શક્યતા છે.

નવા બજેટમાં શહેરના નવા વિસ્તારોના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. હાલમાં આ વિસ્તારોમાં ગટર, પાણી અને સ્ટોર્મ વોટર ડ્રેનેજની કામગીરી ચાલી રહી છે. રાજ્યના પાટનગર તરીકેની ગરિમા જાળવવા માટે ગિફ્ટ સિટી સુધીના રસ્તા, નોલેજ હબ વિસ્તાર, આઈકોનિક રોડ અને કુડાસણમાં ગૌરવપથ જેવા પ્રોજેક્ટ્સ પર ભાર મૂકવામાં આવશે. વિશેષમાં, રાજભવનથી મહાત્મા મંદિર સુધીના માર્ગને આધુનિક સ્વરૂપે વિકસાવવાની યોજના છે.

મહત્વપૂર્ણ મુદ્દો એ છે કે નવા વિસ્તારમાં પીવાના પાણીના વિતરણનો ખર્ચ કોર્પોરેશન માટે મોટો પડકાર બની રહ્યો છે. નર્મદાના પાણી માટે પાણી પુરવઠા બોર્ડને ચૂકવવાના છ કરોડ રૂપિયાથી વધુની રકમ બાકી છે. આ ઉપરાંત, જંત્રીમાં થયેલા વધારાને પગલે પ્રોપર્ટી ટેક્સમાં વધારો થઈ શકે છે, જે અગાઉ મુલતવી રાખવામાં આવ્યો હતો.

નોંધપાત્ર બાબત એ છે કે નવા વિસ્તારોમાં પાણી અને ગટર સુવિધાઓ કોર્પોરેશન આપી રહ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.